# શહેરમાં મોડીસાંજે વરસાદી ઝાપટુ

## શહેરમાં વાતાવરણ પલ્ટો : આકાશમાં અચાનક જ વાદળો ઘેરાયા : સાંજે વરસાદ : ગરમીનો પારો અઢી ડિગ્રી ગગડયો : વાતાવરણ પલ્ટાથી નગરજનોને રાહત : ખેડુતોમાં ચિંતા

ગાંધીનગર તા ૧૧

શહેરમાં આજે મહત્તમ તાપમાનમાં ૨.૫ ડી ગ્રીનો ઘટાડા સાથે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. આજે બપોર બાદ અચાનક જ મોસમનો મિજાજ બદલાયો હતો. આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. જયારે



પવનની લહેરકી સાથે સાંજ ઢળતા જ વરસાદી છાંટણ પડયા હતા. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન અઢી ડી ગ્રી ગગડીને ૩૭ ડી ગ્રીએ પહોંચી ગયુ હતુ.

ગાંધીનગરમાં ગરમીની મોસમ ગત મહીનાના અંતમાં અત્યંત ઉગ્ર મિજાજમાં જોવા મળી હતી. ગરમીનો પારો ૪૩ ડી ગ્રી સુધી પહોંચી ગયો હતો. જયારે એક સપ્તાહ સુધી મહત્તમ તાપમાન ૪૦ ડી ગ્રીની ઉપર રહેતા નગરજનો ગરમીથી તોબા પોકીર ગયા હતા. પરંતુ એપ્રિલ મહીનાના પ્રારંભે વાતવારણ પલ્ટા સાથે ગરમીનુ જોર ઘટી ગયુ હતુ. જયારે ગરમીનો પારો ૪૦ ડી ગ્રીએ પહોંચી ગયુ હતુ. જો કે છેલ્લા કેટલાક સમયથી મહત્તમ તાપમાન ૪૦ ડી ગ્રીથી આગળ ન વધતા નગરજનો ગરમીમાં રાહત અનુભવી રહયા છે. જયારે આજે અચાનક જ વાદળિયુ વાતાવરણ

● અનુસંધાન પાન-૭ પર

## હજુ આગામી દિવસોમાં કરા સાથે કમોસમી વરસાદ

ગાંધીનગર, તા. ૧૧

છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. હજુ પણ આગામી દિવસોમાં કરાં સાથે વરસાદ પડશે તેવી આગાહી હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે કરી છે.

હજુ પણ દેશના વિવિધ ભાગોમાં એપ્રિલ માસ દરમ્યાન કરાં સાથે વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે મે માસમાં પણ આંધી વંટોળ સાથે દેશ સહિત રાજ્યના ભાગોમાં આંધી વંટોળ સાથે વરસાદ પડશે. વળી આગામી ચોમાસુ પણ એકંદરે સારૂ રહેવાની શક્યતા છે.

ભૌગોલિક બાબતો ગ્રહો તથા અન્ય આધારે જોતા આગામી દિવસોમાં દેશના કેટલાક ભાગોમાં પવન સાથે કરાં તેમજ કમોસમી વરસાદની વકી રહે. ગુજરાતના કેટલાક ભાગોમાં પણ વરસાદ તથા કરાં પડવાની શક્યતા રહે. અખાત્રીજ આસપાસ હવામાનમાં પલ્ટા આવે. એપ્રિલ તા. ૧૪ સુધીમાં રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થાય. મેષનો સુર્ય થતાં દેશના દક્ષિણ તેમજ પૂર્વીયતટીય ભાગોમાં ચક્રવાત આવવાની સંભાવના રહે. શ્રીલંકાથી છેક દક્ષિણ સુધીના ભાગોમાં વાદળોનો જમાવડો રહે. એપ્રિલ તા. ૧૭ થી ૨૪ દરમ્યાન દક્ષિણભારતના ભાગોમાં વરસાદની શક્યતા રહે. આ અરસામાં ગુજરાતના કેટલાક ભાગોમાં પવન અને ગાજવીજ સાથે વરસાદ થવાની તેમજ કોઈ કોઈ ભાગોમાં કરાં પણ પડી શકે. ૧૯મી એપ્રિલથી ગરમીમાં વધારો થાય. વાદળવાયુ થાય તો ગરમીમાં વધઘટ પણ થઈ શકે. આ વખતે ઉનાળામાં ધૂળભરી આંધીની શક્યતા રહે. જે પ્રક્રિયા બનતા ચોમાસુ સંજોગો ઉજળા બની શકે. આ આગાહી ઉત્પાત સંબંધી નથી.

# વાતાવરણમાં પલ્ટો આવતાં ખેડૂતો ચિંતાતુર

## રાજ્યમાં કમોસમી વરસાદના ઝાપટા : બે દિવસ બાદ રાજ્યના તાપમાનમાં ૨ ડીગ્રીનો વધારો થશે : હવામાન ખાતુ

ગાંધીનગર, તા. ૧૧

અરબી સમુદ્ર પર ૯ કિ.મી.ની ઉંચાઈએ અપર એર સાયક્લોનિક સરક્યુલેશન સર્જાતાં ગુજરાતના વાતાવરણમાં એકાએક પલ્ટો આવ્યો હતો. આ પલ્ટાયેલા વાતાવરણને લઈ રાજ્યના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પણ નોંધાયો છે.

વાતાવરણમાં આવેલા પલ્ટાને પગલે આજે જિલ્લા ખેતીવાડી અધિકારીએ પણ ખેડૂતોને માર્ગદર્શન આપતી એક ટુંકી અખબારી યાદી પણ પ્રસિદ્ધ કરી છે. જેમાં પલ્ટાયેલા વાતાવરણને પગલે જિલ્લામાં વરસાદ થવાની શક્યતા હોવાથી લણણી કરેલ પાક તેમજ સુકો ઘાસચારો સલામત સ્થળે ખસેડી લઈ તેને રક્ષિત કરવા અપીલ કરી છે.

વાતાવરણમાં આંશિક ફેરફાર સાથે તાપમાનમાં વધારો નોંધાયો છે. સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. રાજ્યમાં બે-ત્રણ દિવસ બાદ તાપમાનમાં વધારો થશે તેવુ હવામાન ખાતાની આગાહીમાં પણ જણાવાયું છે.

રાજ્યમાં મોરબી, રાજકોટ, કચ્છ, પાટણ સહિતના જિલ્લાઓમાં કમોસમી વરસાદ નોંધાયો છે. કચ્છના ભુજ નજીક પવન સાથે વરસાદનુ ઝાપટુ વરસ્યુ હતુ. જ્યારે મોરબી પંથકમાં હળવદ સહિત અનેક વિસ્તારોમાં હળવા ઝાપટા પડ્યા હતા.

ઉત્તર ગુજરાતના મહેસાણાના બહુચરાજી પંથકમાં પણ કમોસમી વરસાદ વરસ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## મહા મહિનો મેલો સારો પણ ચૈત્ર ચોખ્ખો રહે તો વરસાદ ભરપૂર

ગાંધીનગર, તા. ૧૧

વર્ષો પૂર્વે લખાયેલુ આ ભડલી વાક્ય એ ખેડૂતો માટે જ્યોતિષીઓની આગાહીથી પણ વધુ મહત્વ ધરાવે છે.

આજે ચૈત્ર મહિનામાં જ કમોસમી વરસાદ થતાં ખેડૂત ચિંતાતુર બન્યો છે. આગામી ચોમાસુ ૧૦૦ ટકા વરસાદ ધરાવતુ હશે તેવી આગાહીઓ થઈ ચુકી છે પણ ચૈત્ર મહિનાના આ કમોસમી વરસાદે ખેડૂતને ચિંતાતુર બનાવ્યો છે.

એક ખેડૂત અગ્રણીએ આજે સાંજે આ ભડલી વાક્ય કહી જણાવ્યુ હતુ કે ઉનાળુ વાવેતર નહિ કરવાની સલાહ ખેડૂતોને આપવામાં આવી છે એટલે ઉનાળુ પાકની ઘટ આગામી ચોમાસામાં ખેતીમાં ભરપાઈ થશે તેવી આશા હતી પરંતુ હવે ગરમીથી થતા વરસાદનો ગર્ભ બંધાતા જ તુટ્યો છે એટલે ચિંતા થાય એ સ્વાભાવિક છે. જો કે કાળના ગર્ભમાં શુ છે તે તો કોઈ જાણી શક્યુ નથી પરંતુ આ તો લોકવાયકા જેવા ભડલી વાક્યો આજે પણ ખેડૂતો માટે જ્યોતિષની આગાહી સમાન માનવામાં આવે છે.

## વિજ પુરવઠાના વધતા વપરાશ વચ્ચે ટ્રીપીંગની ફરિયાદો : મોંઘા ઉપકરણોને પણ નુકશાન

ગાંધીનગર તા ૧૧

શહેરમાં આકરી ગરમી વચ્ચે વિજ પુરવઠાનો વપરાશ વધ્યો છે. આફિસ અને ઘરોમાં એ સી ધમધમી રહયા છે. જયારે શહેરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓ સાથે ઘરોમાં પણ એ સી નો ઉપયોગ વધતા ગરમીના દિવસોમાં વિજપ્રવાહની માંગ વધી છે. આવા સંજોગોમાં પુરતા વિજ પુરવઠાના અભાવ વચ્ચે લાઈનમાં ટ્રીપ થવાની ફરિયાદો પણ વધી છે. જયારે વિજપ્રવાહ પુરતો ન મળતા રહીશોના મોંઘાદાટ ઉપકરણો પણ નકામા થઈ જતા રહીશોને આર્થિક નુકશાન સાથે હેરાનગતિ વેઠવાનો વારો આવે છે. શહેરમાં છેલ્લા એક સપ્તાહમાં જ આ પ્રકારની ફરિયાદોના લીધે આમ

**આકરી ગરમીમાં વિજવપરાશ વધતા ફરિયાદો વધી સેકટરોમાં રહીશોના ઘરોમાં પર્યાપ્ત વિજપ્રવાહના અભાવથી ટી વી ફ્રિઝ જેવા ઉપકરણોને નુકશાન થતુ હોવાની ફરિયાદ**

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લાને કેરોસીન ફ્રી બનાવવાની યોજના અટવાઈ

## તંત્રએ કરેલા સર્વેમાં ૩૦ હજાર લોકો આજે પણ પાટનગરમાં કેરોસીન બળતણ તરીકે વાપરે છે : ૧૧ જેટલા ગામોને કેરોસીન ફ્રી જાહેર કરાયા પછી ફાઈલો અટવાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં આજે પણ ૩૦ હજાર જેટલા લોકો દ્વારા બળતરણમાં કેરોસીનનો ઉપયોગ થઈ રહ્યો છે.

ગાંધીનગર શહેર અને જિલ્લાને કેરોસીન ફ્રી ડીસ્ટ્રીક્ટ બનાવવાનું અભિયાન અધવચ્ચે જ અટવાઈ પડવા પામ્યું છે. ઉજવલ્લા યોજના લાગુ કરાયા બાદ આ માટે તંત્ર દ્વારા ખાસ સર્વે પણ કરવામાં આવ્યો હતો. વહીવટીતંત્ર દ્વારા આરંભે ઉત્સાહ બતાવી અને ૧૧ જેટલા ગામોને કેરોસીન ફ્રી વિસ્તાર તરીકે પણ ઘોષિત કરવામાં આવ્યા હતા. આ પછી ગાંધીનગર શહેરનો પણ સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં ૩૦ હજાર લોકો આજે પણ બળતણમાં કેરોસીનનો વપરાશ કરતા જણાયા હતા.

થોડા સમય પહેલાં રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંહની અધ્યક્ષતામાં પણ કેરોસીન ફ્રી સીટી બનાવવા માટેનો રોડમેપ તૈયાર કરવા માટે એક ઉચ્ચસ્તરીય બેઠક પણ મળી હતી પરંતુ આ બધી જ વાતો પુનઃ ફાઈલમાં અટવાઈ જવા પામી છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના ૬ અને માણસા તાલુકાના ૩ જેટલા ગામોને કેરોસીન ફ્રી વિલેજ તરીકે જે તે વખતે તંત્રે ઘોષિત કર્યા હતા. જિલ્લામાં આવી કેટલીય યોજનાઓ ફાઈલોમાં અટવાઈ જવા પામી છે. તંત્ર દ્વારા કેરોસીન ફ્રી સીટીની યોજના માટે હવે પુનઃ રોડમેપ તૈયાર કરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

# મુખ્યમંત્રી સહિત ભાજપ નેતાઓના પ્રતિક ઉપવાસ

## આજે વિજયભાઇ રૂપાણી સહિતના નેતાઓ લાલદરવાજા પાસે અપના બજાર સામે પાર્કિંગ પ્લોટમાં પ્રતિક ઉપવાસ પર બેસશે

અમદાવાદ,તા. ૧૧

તાજેતરમાં સંસદનું બજેટસત્ર વિપક્ષના અસહકારભર્યા વલણના કારણે ખોરવાઇ જવાના વિરોધમાં ભાજપ દ્વારા આવતીકાલે રાષ્ટ્રવ્યાપી પ્રતિક ઉપવાસનું એલાન કરવામાં આવ્યું છે. જેમાં ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીથી માંડી પક્ષના નાનામાં નાના કાર્યકરો પણ જોડાનારા છે. રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિતના નેતાઓ આવતીકાલે લાલદરવાજા પાસે અપના બજારની સામે પાર્કિંગ પ્લોટમાં એક દિવસના પ્રતિક ઉપવાસ પર બેસી વિપક્ષના વર્તનનો અનોખો વિરોધ કરશે. તો આ જ પ્રકારે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ મહેસાણામાં પ્રતિક ઉપવાસ કરવાના છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીની સાથે સાથે તેમના મંત્રીમંડળના સભ્યો પણ આવતીકાલે અમદાવાદમાં વિવિધ વોર્ડ અને સ્થળોએ પ્રતિક ઉપવાસ પર બેસવાના છે. રાજયમાં ભાજપ દ્વારા જિલ્લા-તાલુકા કક્ષાએ પણ પ્રતિક ઉપવાસ કાર્યક્રમનું આયોજન કરાયું છે, જેમાં જિલ્લા-તાલુકા ભાજપના સ્થાનિક નેતાઓ, આગેવાનો અને કાર્યકરો જોડાશે. આવતીકાલે શહેરમાં લાલ દરવાજા પાસે અપના બજારની સામે પ્રતિક ઉપવાસના કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સાથે શહેર ભાજપ પ્રમુખ જગદીશ પંચાલ, સાંસદ ડો.કિરીટ સોલંકી, પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી, શંકર ચૌધરી અને વીર સતિશજી સહિતના સંખ્યાબંધ નેતાઓ અને આગેવાનો પણ જોડાશે. મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોના પ્રતિક ઉપવાસ કાર્યક્રમને લઇ પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર દ્વારા સુરક્ષા, સલામતી, ટ્રાફિક નિયમન સહિતના ચોક્કસ પગલા લેવાયા છે.



રસ્તે રઝળતું ડસ્ટબીન - રસ્તે રઝળતો કચરો તો ડસ્ટબીનમાં હોય પરંતુ અહીં તો આખેઆખુ ડસ્ટબીન રસ્તે રઝળે છે... કોઈ ઠામ ઠેકાણા વગર રસ્તામાં જ ડસ્ટબીન રઝળતુ મુકી સફાઈ એજન્સીના બેદરકારીભરી કામગીરીથી ભારે રોષ જાગ્યો છે... સામાન્યતઃ ડસ્ટબીન સેક્ટરના કોઈ ખૂણામાં કે રસ્તાના કોઈ વળાંક પર મુકાય પરંતુ અહિંયા રસ્તાની વચ્ચોવચ્ચ ડસ્ટબીન હોવાથી રાહદારીઓમાં આશ્ચર્ય સર્જાયું હતું....

# ભાજપ નેતાઓને આંબેડકરની પ્રતિમા ન સ્પર્શવા દેવા જીજ્ઞેશ મેવાણીની ચિમકી

અમદાવાદ,તા. ૧૧

ગુજરાતમાં ભાજપ સરકારના અને દેશમાં મોદી સરકારના શાસનમાં દલિતો પર વધી રહેલા અત્યાચાર અને દમનના વિરોધમાં દેશભરના દલિત સમાજમાં ઉગ્ર આક્રોશની લાગણી ફેલાયેલી છે ત્યારે આગામી તા.૧૪મી એપ્રિલે આંબેડકર જયંતિના દિવસે ડો.બાબા સાહેબ આંબેડકરની કોઈપણ પ્રતિમાને ભાજપના નેતાઓને નહી સ્પર્શવા દેવા દલિત યુવા નેતા અને અપક્ષ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ સમગ્ર દલિત સમાજને હાકલ કરી છે. મેવાણીની આ ચીમકીને પગલે રાજયમાં એ દિવસે દલિતો અને પોલીસ તંત્ર તેમ જ રાજકીય નેતાઓ વચ્ચે કોઈ ઘર્ષણ કે માથાકૂટના અનિચ્છનીય બનાવો ના બને તે માટે વહીવટી તંત્રની સાથે સાથે રાજય પોલીસ તંત્રએ પણ ભારે કમર કસી છે. ખાસ કરીને રાજયના ડીજીપી શિવાનંદ ઝાએ તા.૧૪મી એપ્રિલે રાજયભરના પોલીસ કર્મચારીઓ-અધિકારીઓને તેમનું હેડકવાર્ટર નહી છોડવા અને કોઈપણ સંજોગોમાં એ દિવસે રજા નહી લેવા કડક તાકીદ કરી છે. મેવાણીની હાકલને પગલે દલિત સમાજ પણ આંબેડકર જયંતિની ઉજવણીને લઈને સજ્જ થઈ ગયો છે.

આગામી તા.૧૪મી એપ્રિલે ડો.બાબા સાહેબ આંબેડકરની જયંતિને લઈ દલિત સમાજ તેમના લોકપ્રિય નેતાની યાદમાં ઉજવણી અને કાર્યક્રમોને લઈ વ્યવસ્ત બન્યો છે ત્યારે બીજીબાજુ, દલિત યુવા નેતા અને અપક્ષ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ દલિતો પર ભાજપના શાસનમાં વધી ગયેલા અસહ્ય અત્યાચાર અને જુલ્મના

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરની વનરાજીમાં ત્રણ દાયકા બાદ ચિલોતરા પક્ષીનો કાયમી વસવાટ

## એક પતિત્વ ધરાવાતો ચિલોતરોએ નગરની વનરાજીમાં ફરી વસવાટ શરૂ કર્યો પક્ષી પ્રેમીઓમાં આકર્ષણનુ કેન્દ્ર

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરની વનરાજીમાં વર્ષો અગાઉ જોવા મળતા ચિલોતરા પક્ષીએ હવે કાયમી ધોરણે નગરની હરિયાળીમાં વસવાટ કર્યો છે. વર્ષો અગાઉ વૃક્ષોની સંખ્યા ઘટતા અન્યત્ર સ્થળાંતર કરી ગયેલા આ પક્ષીની જાતિએ અરણ્ય પાર્કમાં છેલ્લા એક વર્ષથી આ પક્ષીએ વસવાટ શરૂ કર્યો છે. નદીકાંઠે સ્થિત અરણ્ય પાર્કમાં પ્રકૃતિના ઘટકો વધતા ચિલોતરા પક્ષીને જરૂરી ખોરાક અને સાનુકુલ વાતાવરણ પણ મળી રહે છે.

ગાંધીનગરના વનરાજી વિસ્તારમાં વર્ષો અગાઉ જોવા મળતા ચિલોતરા પક્ષી ઘણાં સમયથી જોવા મળતા ન હતા. શહેરના હરિયાળા વિસ્તારમાંથી વિરાંજલી વન તેમજ રાજીવગાંધી સ્મૃતિવન પણ અદ્રશ્ય થયા બાદ વૃક્ષોની સંખ્યા ઘટવાના લીધે આ પક્ષીઓ શહેરમાંથી અદ્રશ્ય થઈ ગયા હતા. જયારે છેલ્લા એક વર્ષથી આ પક્ષીઓ શહેરની વનરાજીમાં જોવા મળી રહયા છે. શહેરના અરણ્યપાર્કમાં આ દુર્લભ પક્ષીનો વસવાટ એક વર્ષથી શરૂ થઈ ગયો છે. નદીકાંઠે સ્થિત અરણ્ય પાર્કમાં પ્રકૃતિના ઘટકોની સંખ્યા વધવાની સાથે સચવાતા હોવાથી પણ ચિલોતરા પક્ષીને જરૂર મુજબ ખોરાક મળી રહે છે.

આ ઉપરાંત પક્ષીના વસવાટ માટે સાનુકુલ વાતાવરણ પણ મળી રહે છે. નોંધનીય છે કે આ પક્ષી એક પતિત્વની લાક્ષણિકતા ધરાવે છે.મોરની જેમ આ પક્ષી બહુ પત્નીત્વ ધરાવતુ નથી. જયારે ચિલોતરો વૃક્ષના થડમાં બખોલ કરી પોતાની જાડી ચાંચ વડે કાદવકીચ્ચડથી ચાંચ બહાર નિકળે તેમ રીતે માળો કરી ઈંડા મુકીને સેવન કરે છે. વર્ષોના અંતે શહેરી વનરાજીમાં સુધાર આવતા પ્રકૃતિના ઘટકોનુ પણ પ્રમાણ વધ્યુ છે. આવા સંજોગોમાં અગાઉ સ્થળાંતર કરી ગયેલા પક્ષીઓ ફરી નગરની વનરાજીમાં વસવાટ માટે પ્રોત્સાહીત થયા છે. ચિલોતરાને ઈન્ડીયન ગ્રે હોર્નબીલ પણ કહેવામાં આવે છે. ગાંધીનગરમાં વર્ષ ૧૯૭૦-૭૧ દરમિયાન આ પક્ષી નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ ખાતે તત્કાલિન મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીએ આ ચિલોતરો પક્ષીની નોંધ કરી હતી. તે સમયે પ્રકૃતિ મંડળના રતિલાલ ખરાડીએ આ વાતને પુષ્ટી આપી હતી. જયારે ત્યારબાદ ત્રણ દાયકા સુધી આ પક્ષી જોવાી મળ્યુ ન હતુ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૨૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

વેચવાની છે કાર
Spark LT
2007, CNG, 86,000 km
94087 08595

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com